ખરીફ-૨૦૨૧માં સપ્ટેમ્બર માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે "કૃષિ રાહત પેકેજ"

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંક: કસપ/૧૦૨૦૨૧/૨૧૭૨/ક.૭**
સચિવાલય, ગાંધીનગર
**તા.૧૮/૧૦/૨૦૨૧**

**વંચાણે લીધા:**

(૧) મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા:૨૭/૪/૨૦૧૫
(૨) ખેતી નિયામકશ્રીની તા.૨૪/૦૯/૨૦૨૧ની સિંગલ ફાઈલ ક્ર.ઈકોસ્ટેટ/વેધર/૫૨૬૩/૨૦૨૧

**પ્રસ્તાવના:**

રાજ્યમાં ચાલુ વર્ષે ખરીફ-૨૦૨૧ ઋતુમાં ચોમાસાની શરૂઆત સમયસર થયેલ હતી. ત્યારબાદ સપ્ટેમ્બર માસ દરમિયાન રાજ્યના કેટલાક તાલુકાઓમાં ભારે વરસાદ થયો અને ખેતરોમાં પાણી ભરાવાના કારણે ખેતી પાકોને નુકસાન થયાના અહેવાલ મળેલ. જે અન્વયે જિલ્લા કક્ષાએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાક નુકસાન અંગે કરવામાં આવેલ આકલન મુજબના અહેવાલના આધારે જિલ્લા, તાલુકાઓના નુકસાનગ્રસ્ત ગામોમાં ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ ખેડૂતોને સહાય આપવી જરૂરી જણાતા **SDRF** ઉપરાંત રાજ્ય બજેટમાંથી "કૃષિ રાહત પેકેજ" આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્યમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં ખરીફ ઋતુમાં સપ્ટેમ્બર માસમાં થયેલ ભારે વરસાદના કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્યના જામનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર એમ કુલ ૪ જિલ્લાના જિલ્લા કલેકટરશ્રી તરફથી મળેલ નુકસાનગ્રસ્ત વિસ્તારના આ સાથે સામેલ પત્રક મુજબના ગામોમાં નીચેની શરતો મુજબ **SDRF** ઉપરાંત રાજ્ય બજેટમાંથી કૃષિ રાહત પેકેજ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(ક) ચૂકવવાપાત્ર સહાય અને સહાયના ધોરણો:**

1. આ રાહત પેકેજનો લાભ પાક નુકસાની માટે સબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ જાહેર કરેલ નુકસાનગ્રસ્ત ગામોના ખેડૂતોને જ મળવાપાત્ર રહેશે.
2. પત્રકમાં સમાવિષ્ટ જિલ્લાઓ અને ગામોના ખાતેદાર ખેડૂતો કે જેના પાકને ૩૩% અને તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતોને રૂ.૧૩,૦૦૦/- લેખે પ્રતિ હેક્ટર મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવાની રહેશે. જે પૈકી SDRFના ધોરણો મુજબ SDRFની જોગવાઇમાંથી બિન પિયત પાક તરીકે વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં રૂ.૬૮૦૦/- લેખે પ્રતિ હેક્ટર મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા.૨૭/૪/૨૦૧૫ મુજબ SDRF ની ગ્રાન્ટમાંથી ચૂકવવાના રહેશે

તેમજ તફાવતની રકમ રૂ.૬૨૦૦/- પ્રતિ હેક્ટર મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં રાજ્ય બજેટમાંથી ચૂકવવાની રહેશે. જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે **SDRF**ના ધોરણો મુજબ જો સહાયની ચૂકવવાપાત્ર રકમ રૂ.૫૦૦૦/- કરતા ઓછી થતી હોય તો પણ તેવા કિસ્સામાં ખાતા દીઠ ઓછામાં ઓછા રૂ.૫૦૦૦/- ચૂકવવાના રહેશે. જેમાં તફાવતની રકમ રાજ્યના બજેટમાંથી ચૂકવવાની રહેશે. દા.ત. કોઇ ખાતેદારનો નુકસાનગ્રસ્ત વિસ્તાર ૦.૫ હેક્ટર હોય તો **SDRF**ના ધોરણો અનુસાર રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર મુજબ રૂ.૩૪૦૦/- મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા.૨૭/૪/૨૦૧૫ મુજબ SDRF ગ્રાન્ટમાંથી મળવાપાત્ર થાય. પરંતુ આવા કિસ્સામાં ખાતેદારને ઓછામાં ઓછા રૂ.૫૦૦૦/- ચુકવવાના થતા હોઇ તફાવતની રકમ રૂ.૧૬૦૦/- રાજ્યના બજેટમાંથી ચુકવવાની રહેશે.

**(ખ) લાભાર્થીની પાત્રતા અને સહાય મેળવવા અરજી:**

1. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ગામ નમૂના નં. ૭-૧૨, આધાર નંબર, મોબાઇલ નંબર, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ તથા નામ દર્શાવતી બેન્ક પાસબુક પાનાની નકલ, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુક્ત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહી વાળો "ના - વાંધા અંગેનો સંમતિ પત્ર" વગેરે સાધનિક વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી **તારીખ ૨૫ ઑક્ટોબર, ૨૦૨૧ થી તારીખ ૨૦ નવેમ્બર, ૨૦૨૧** સુધીમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર VCE/VLE મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે. ખેડૂતોએ અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહીં.
2. અરજીની તારીખે રેવન્યુ લેન્ડ રેકર્ડ મુજબ અરજદાર ખાતા ધારક હોવો જોઇશે. ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લેન્ડ રેકર્ડ ઇન્ટીગ્રેટ કરવા માટે લેન્ડ રેકર્ડની વિગત મહેસૂલ વિભાગે NICને પુરી પાડવાની રહેશે.
3. આ પેકેજ અંતર્ગતની સહાય ખેડાણ હેઠળના ખાતા દીઠ (ગામ નમૂના નં. ૮/અ દીઠ) એક લાભાર્થી તરીકે ગણવાની રહેશે અને આ ખાતામાં એકથી વધુ ખેડૂતોનો સમાવેશ થતો હોય તો આ તમામ ખેડૂતો પૈકી કોઇ એક જ ખેડૂતને સહાય મળશે અને તેણે ખાતાના અન્ય ખેડૂતોનું સંમતિપત્રક રજૂ કરવાનું રહેશે.
4. આ પેકેજ હેઠળ ખાતેદાર ખેડૂત એક કરતા વધુ ખાતા ધરાવતા હશે તો પણ એક જ વાર સહાય મળવાપાત્ર થશે.
5. આ પેકેજ અંતર્ગત ફોરેસ્ટ રાઇટ એક્ટ (FRA) હેઠળ નોટીફાઇડ થયેલા જિલ્લાઓમાં વન અધિકાર પત્ર (સનદ) મેળવેલ હશે તેવા ખેડૂત ખાતેદારોને પણ લાભ મળવાપાત્ર થશે.
6. વન વિસ્તારમાં આવેલા સેટલમેન્ટના ગામોમાં ખેતી કરતા ખેડૂતોને પણ સહાય મળવાપાત્ર રહેશે. તે માટે સક્ષમ અધિકારીશ્રીનો દાખલો/પ્રમાણપત્ર લેવાનો રહેશે.
7. ખાતેદારના મૃત્યુના કિસ્સામાં વારસદારો તરફથી પેઢીનામુ રજુ કરવાનું રહેશે. પેઢીનામા પૈકીના કોઇ એક વારસદાર સહાય મેળવવા માટે પેઢીનામા પૈકી અન્ય વારસદારો તથા તે ખાતાના અન્ય ખાતેદારોની સંમતિનું સોગંદનામુ રજુ કરી અરજી કરી શકશે.
8. આ રાહત પેકેજ નો લાભ સરકારી, સહકારી કે સંસ્થાકીય જમીનધારકોને મળવાપાત્ર રહેશે નહી.

9. આ પેકેજ અંતર્ગત એક આધાર નંબર દીઠ એક જ વાર સહાય મળવાપાત્ર રહેશે. આધાર નંબર ન મેળવેલ હોય તો આધાર એકટમાં નિયત કરેલ જોગવાઈ મુજબ જરૂરી પુરાવા રજુ થયે સહાય મળવા પાત્ર થશે.
10. આ "કૃષિ રાહત પેકેજ"– ખરીફ ૨૦૨૧ અંતર્ગત PFMS મારફત ચુકવણું કરવાનું રહેશે.

**(ગ) અરજી કરવાની અને અમલીકરણ કાર્ય પદ્ધતિ :**

1. લાભાર્થી ખેડૂતે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ સેન્ટર પર સંબંધિત VLE/VCE મારફત સાધનિક આધાર પુરાવા સાથે ડિજિટલ પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
2. ખેડૂત તરફથી મળેલ નિયત સાધનિક આધાર પુરાવા મુજબ વિગતોની સાચી ડેટા એન્ટ્રી થાય તે અંગેની પ્રાથમિક જવાબદારી સંબંધિત VLE/VCEની રહેશે. તથા તમામ ડેટા એન્ટ્રી યોગ્ય ચકાસણી બાદ જ કરવાની રહેશે.
3. ત્યાર બાદ સંબંધિત VLE/VCE દ્વારા અરજીની પ્રીન્ટ આઉટ લઈ નિયત જગ્યાએ લાભાર્થી ખેડૂતની સહી લેવાની તથા સંબંધિત VLE/VCEએ પણ સહી કરવાની રહેશે.
4. નિયત આધાર પુરાવા સાથેની અરજી VLE/VCEએ સંબંધિત ગ્રામ સેવકને દૈનિક ધોરણે પહોંચતી કરવાની રહેશે.
5. VLE/VCE તરફથી મળેલ અરજી સંબંધિત ગ્રામસેવક દ્વારા યોગ્ય ચકાસણી કરવાની રહેશે અને પાત્રતા ધરાવતી અરજીને ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપશે.
6. સંબંધિત તાલુકા વિકાસ અધિકારી ગ્રામ સેવક તરફથી મળેલ લાભાર્થીની વિગતો ચકાસીને જિલ્લા ખેતીવાડી અધિકારીને ઑનલાઇન મોકલી આપશે.
7. તમામ અરજીઓ સબંધિત તાલુકા કક્ષાએ રેકર્ડ તરીકે નિભાવવાની રહેશે.

**(ઘ) PFMS પોર્ટલ મારફત ચૂકવણાં અર્થે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ નીચે મુજબની વ્યવસ્થા અમલી કરવાની રહેશે.**

**(ઘ.૧) જિલ્લા કક્ષાએ સદર ચૂકવણાં માટે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ:**

1. સ્ટેટ admin એકાઉન્ટમાંથી જિલ્લાના ડિસ્ટ્રીક્ટ એડમીન બનાવવાના રહેશે. ડિસ્ટ્રીક્ટ એડમીન તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારી રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીના admin એકાઉન્ટમાંથી જિલ્લા કક્ષાના ડેટા ઓપરેટર (મેકર) અને એપ્રુવર (ચેકર) નિયત કરાશે. જિલ્લા કક્ષાના ડેટા ઓપરેટર (મેકર) તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અને એપ્રુવર (ચેકર) તરીકે હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત રહેશે.
2. સંબંધિત તાલુકા વિકાસ અધિકારી મારફત મળેલ લાભાર્થીની વિગતોને આધારે જિલ્લા ખેતીવાડી અધિકારી Digital Gujarat Portal પર સદર લાભાર્થીના ડેટાની ફાઇલ તૈયાર કરશે અને તમામ તાલુકાઓની ડેટા ફાઇલ વેરિફિકેશન માટે PFMS portal માં પુશ કરશે.
3. તે પૈકી PFMS દ્વારા રિજેક્ટ કરેલ ડેટા VCE/VLE ના Log In માં પરત મળશે. જે ડેટા VCE/VLE દ્વારા પુન: સુધારી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે તથા સુધારેલ અરજીની પ્રીન્ટ/હાર્ડ કોપીમાં સબંધિત અરજદાર ખેડૂતની સહી મેળવીને VCE/VLEએ સુધારા અન્વયે સહી કરી ગ્રામસેવકને પુનઃ રજુ કરવાની રહેશે. ત્યાર બાદ તમામ કક્ષાએથી આગળની કાર્યવાહી સમાન કાર્ય પદ્ધતિ અનુસાર ફરીથી કરવાની રહેશે.

4. ઉક્ત પૈકી લાભાર્થીના PFMS પોર્ટલ પર વેરીફાય થયેલ ડેટાના આધારે જિલ્લા ખેતીવાડી અધિકારી તાલુકાવાર બિલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તૈયાર કરશે અને જિલ્લા હિસાબી અધિકારીને મોકલશે.
5. જિલ્લા હિસાબી અધિકારી ચૂકવણાં માટે રજૂ થયેલા લાભાર્થીઓના ચૂકવણાંના બિલ મંજૂર કરશે અને તેમની ડિજિટલ સિગ્નેચરથી PFMS મારફતે ઓનલાઇન DBT પદ્ધતિથી સંબંધિત લાભાર્થીને ચૂકવણું કરશે.
6. PFMS પોર્ટલ પર ઓનલાઇન ચુકવણાની ઉક્ત કાર્યપદ્ધતિ અનુસર્યા બાદ બે વખત અસફળ રહે તો આવા લાભાર્થીની યાદી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રીની મંજુરી મેળવ્યા બાદ ઓફલાઇન ચુકવણા અર્થે બિલ જિલ્લા હિસાબી અધિકારીશ્રીને મોકલવાના રહેશે. આ મંજુર થયેલ બીલ જિલ્લા હિસાબી અધિકારીશ્રીએ પ્રથમ RTGS /NEFTથી ચુકવણા કરવાના રહેશે. ત્યાર બાદ જો આ બિલ પૈકીના કોઈ લાભાર્થીને ચુકવણું ન થઈ શકે તેવા કિસ્સામાં જ A/c Pay cheque દ્વારા લાભાર્થીને ચૂકવણું કરવાનું રહેશે.
7. આ સમગ્ર ચૂકવણાંની કાર્યવાહી પૂર્ણ થયે વર્ષાંતે જિલ્લા હિસાબી અધિકારીએ હિસાબોનું મેળવણું કરી "ગ્રાન્ટ વપરાશનું પ્રમાણપત્ર"(UTC) ખેતી નિયામક, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.
8. આ કૃષિ રાહત પેકેજ અંતર્ગત થનાર જિલ્લા કક્ષાની તમામ કાર્યવાહીનું સંકલન/મોનિટરીંગ/સમીક્ષા સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવાનું રહેશે.

**(ઘ.૨) રાજ્ય કક્ષાએ સદર ચૂકવણાં માટે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ:**

1. સહાય ચુકવણી PFMS મારફતે કરવાની થતી હોઇ રાજ્ય કક્ષાએ નોડલ બેંક તરીકે ICICI Bank Ltd. માં ખેતી નિયામક કચેરીમાં SDRF ગ્રાન્ટ તથા રાજ્ય બજેટની ગ્રાન્ટ માટે બે અલગ અલગ સેવીંગ એકાઉન્ટ ખોલાવવાના રહેશે અથવા વર્ષ ૨૦૨૦ માં કૃષિ રાહત પેકેજ માટે ખોલવામાં આવેલ બેન્ક ખાતાનો ઉપયોગ કરી શકાશે.
2. આ બેન્ક એકાઉન્ટ્સ PFMS પોર્ટલ સાથે સંબંધિત એકાઉન્ટ ઓફિસરની ડિજિટલ સિગ્નેચરથી Link કરવાના રહેશે.
3. ખેતી નિયામકની કચેરીના નિયત કરેલ સંબંધિત અધિકારીશ્રીના એજન્સી admin એકાઉન્ટમાંથી રાજ્ય કક્ષાના ડેટા ઓપરેટર (મેકર) અને ડેટા એપ્રુવર (ચેકર) નિયત કરવાના રહેશે.
4. રાજ્ય કક્ષાના ડેટા ઓપરેટર (મેકર) તરીકે ખેતી નિયામકશ્રી નિયત કરે તેવા નાયબ ખેતી નિયામકશ્રીને સદર કામગીરી સોંપવાની રહેશે. ડેટા ઓપરેટર (મેકર) દ્વારા સંબંધિત જિલ્લાની જરૂરિયાત મુજબ ગ્રાન્ટ ફાળવણી માટેના ડેટા (બિલ) તૈયાર કરવાના રહેશે અને તે બિલ ડેટા એપ્રુવર (ચેકર)ને મોકલવાના રહેશે.
5. રાજ્ય કક્ષાના ડેટા એપ્રુવર (ચેકર) તરીકે ખેતી નિયામકની કચેરીના હિસાબી અધિકારી/સંયુક્ત નિયામક (હિસાબ) રહેશે. ડેટા એપ્રુવર (ચેકર) તરીકે હિસાબી અધિકારી/સંયુક્ત નિયામક (હિસાબ) તેમના લોગિનમાં મળેલ ડેટા (બિલ)ની ચકાસણી કરશે અને જિલ્લા દ્વારા કરેલ ગ્રાન્ટ માંગણીના આધારે, તેઓની ડિજિટલ સિગ્નેચરથી સંબંધિત જિલ્લાને ગ્રાન્ટની ફાળવણી કરશે.

**(ચ) ઉક્ત કાર્ય પદ્ધતિના અમલ અર્થે નીચે મુજબની વ્યવસ્થા હાથ ધરવાની રહેશે:**

**(ચ.૧) કૃષિ રાહત પેકેજ ૨૦૨૧ અંતર્ગત જિલ્લા હિસાબી અધિકારીના બેંક એકાઉન્ટ ખોલવા બાબત:**

1. જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લા પંચાયત ખાતે બેંક ખાતા **SDRF** ગ્રાન્ટ તથા રાજ્ય બજેટની ગ્રાન્ટ માટે સંબંધિત જિલ્લા પંચાયતના એકાઉન્ટ ઓફિસરની ડિજિટલ સિગ્નેચરથી ઓપરેટ થતા સેવીંગ એકાઉન્ટ ખોલાવવાના રહેશે અથવા વર્ષ ૨૦૨૦ માં કૃષિ રાહત પેકેજ માટે ખોલવામાં આવેલ બેન્ક ખાતાનો ઉપયોગ કરી શકાશે.
2. ICICI Bank Ltd. આ કામગીરી સાથે સંકળાયેલ તમામ એજન્સી સાથે સંકલન કરશે અને જરૂરી તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડશે.

**(ચ.૨) જિલ્લા હિસાબી અધિકારીની ડિજિટલ સિગ્નેચરનો ઉપયોગ કરવા માટેની પદ્ધતિ:**

1. આ પેકેજ અંતર્ગત સહાયના નાણા ઝડપથી સીધા લાભાર્થીના બેંક એકાઉન્ટમાં જમા થાય તે માટે ચૂકવણાં જિલ્લા હિસાબી અધિકારીની ડિજિટલ સિગ્નેચર મારફત કરવાના રહેશે.
2. આ માટે જો જિલ્લા હિસાબી અધિકારી પાસે હાલમાં ડિજિટલ સિગ્નેચર ઉપલબ્ધ હોય અને PFMS સાથે સંકલિત કરી શકાય તેમ હોય તો તેનો ઉપયોગ કરવાનો રહેશે અન્યથા નવી ડિજિટલ સિગ્નેચર તૈયાર કરવાની રહેશે.
3. આ કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની થતી હોઇ, જિલ્લા હિસાબી અધિકારીએ આ અંગેની જરૂરી તમામ વિગતો જિલ્લા ખેતીવાડી અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

- ચાલુ વર્ષમાં ખરીફ-૨૦૨૧ દરમ્યાન પાક નુકસાની અન્વયે **SDRF**માંથી અગાઉ કોઇ સહાય મંજૂર થયેલ હોય કે મેળવેલ હોય તો તેવા ખાતેદારોને આ પેકેજ અંતર્ગત કોઇ સહાય મળવાપાત્ર રહેશે નહી. તેમજ આ પેકેજનો લાભ લીધેલ હશે તે લાભાર્થી/ખાતા એટલે કે ૮/અ ઉપર આ સિવાયના ખરીફ-૨૦૨૧ દરમ્યાનની પાક નુકસાનની સહાયનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- આ પેકેજમાં જ્યાં **SDRF**ના ધોરણો લાગુ કરવામાં આવેલ છે ત્યાં પ્રતિ હેક્ટર રૂ.૬૮૦૦/- લેખે જ સહાય ચૂકવવાની રહેશે તથા તમામ પાકોને બિન પિયત ગણી સહાયની ગણતરી કરવાની રહેશે.
- આ રાહત પેકેજ અંતર્ગત ટૂંકા સમયગાળામાં લાભાર્થીઓને સહાય ચૂકવવાની થાય છે. આ માટે ડેટા એન્ટ્રી, પોર્ટલ બનાવવું, કોન્ટ્રાક્ચ્યુઅલ મેનપાવર, કન્ટીજન્સી, જરુરી સંસાધનો વગેરે માટે પ્રતિ અરજી દીઠ રૂ.૨૦/- લેખે રાજય બજેટમાંથી ખર્ચ કરવાનો રહેશે. જે પૈકી ઈ-ગ્રામ ખાતેના **VCE/VLE/TLE**/ગ્રામસેવક અથવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત વ્યક્તિ મારફત પોર્ટલ પર જરૂરી કાગળો સાથે સફળતાપૂર્વક ઓનલાઈન ડેટા એન્ટ્રી, એડિટીંગ, અપડેશન કરી અરજી સાથેના તમામ સાધનિક કાગળોની પ્રિન્ટ/હાર્ડ કોપીમાં અરજદારની સહી લઈ અરજીઓના બંચ સાથેની યાદી બનાવી સબંધિત ગ્રામસેવકોને ઉપલબ્ધ કરાવેલ હોય અને જે અરજીઓનું ચૂકવણું થયેલ હશે તેવી "સફળ અરજી" દીઠ રૂ.૧૫.૦૦ પ્રતિ અરજી લેખે તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ જે જિલ્લાઓ દ્વારા કન્ટીજન્સી ખર્ચ ખરેખર કરેલ હશે તેવા જિલ્લાઓને પ્રતિ અરજી દીઠ રૂ.૩.૦૦ તેમજ પોર્ટલ ડેવલપમેન્ટ, કોન્ટ્રાક્ચ્યુઅલ મેનપાવર, કંટીજન્સી અને વહીવટી કામગીરી પેટે ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર રૂ.૨.૦૦ પ્રતિ અરજી મળી એમ કુલ રૂ.૨૦ પ્રતિ અરજી ખર્ચ કરવાનો રહેશે.

- અરજી કરવાની તથા ચુકવણાની કાર્યપદ્ધતિમાં જરુર મુજબના ફેરફાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ કરી શકશે.
- અરજી મેળવવાની તથા સહાય ચુકવણી માટે ઓનલાઇન પોર્ટલ તૈયાર કરવાની કાર્યવાહી સ્ટેટ એન.આઇ.સી. દ્વારા કરવાની રહેશે.

આ રાહત પેકેજ અંતર્ગત SDRF બજેટ હેઠળનો ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે

બજેટ સદર: **(૭૯-૨૨૪૫-૦૨-૮૦૦-૦૬ (સી-૪)** (નાના અને સીમાંત ખેડૂતોને સહાય)
માંગણી નં.: ૭૯
મુખ્ય સદર: ૨૨૪૫ કુદરતી આપત્તિ અંગે રાહત
પેટા સદર: ૦૨
ગૌણ સદર: ૮૦૦-૦૬ નાના સીમાંત ખેડૂતોને સહાય દર
ઓબ્જેક્ટ ક્લાસ-૪

આ રાહત પેકેજ અંતર્ગત રાજ્ય બજેટનો ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

રાજ્ય બજેટના ખર્ચનું બજેટ સદર: **(૨૪૦૧-૦૦-૧૧૦-૦૮)**
માંગણી ક્રમાંક: ૦૨
મુખ્ય સદર: ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા
ગૌણ સદર: ૧૧૦-પાક વીમો
પેટા સદર: ૦૮ કુદરતી આપત્તિઓને કારણે થતા પાક નુકસાન માટે ખેડૂતોને સહાય

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પરની મહેસૂલ વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૧ તથા નાણા વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

KHPandya
(કાનન પંડ્યા)
નાયબ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ :
૧) માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ— ૧, સચિવાલય, ગાંધીનગર.
૨) માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ— ૧, સચિવાલય, ગાંધીનગર.
૩) માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ— ૧, સચિવાલય, ગાંધીનગર.
૪) માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
૫) માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
૬) માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ— ૨, સચિવાલય, ગાંધીનગર.
૭) મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૮) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૯) અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૧૦) અધિક મુખ્ય સચિવશ્રી(પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
૧૧) રાહત કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨) ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર.
૧૩) એ.જી. કચેરી, રાજકોટ(એ. એન્ડ ઇ.), ગુજરાત રેસકોર્સ રોડ, રાજકોટ.
૧૪) એ.જી. કચેરી, અમદાવાદ
૧૫) કલેક્ટરશ્રી– જામનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર (ખેતી નિયામકશ્રી મારફત)
૧૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી– જામનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર (ખેતી નિયામકશ્રી મારફત)
૧૭) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી– જામનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર (ખેતી નિયામક મારફત)
૧૮) આઇ.ટી .શાખા તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારું (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)
૧૯) શાખા સીલેક્ટ ફાઇલ

| કૃષિ રાહત પેકેજ–૨૦૨૧ માં જિલ્લા અને તાલુકાવાર ગામની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| જામનગર જિલ્લો | | | | | |
| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
| ૧ | ધ્રોલ | લતીપર | ૩૫ | ધ્રોલ | હરીપર |
| ૨ | ધ્રોલ | જાળીયા માનસર | ૩૬ | ધ્રોલ | ગઢડા |
| ૩ | ધ્રોલ | ધ્રોલ | ૩૭ | ધ્રોલ | જાબીડા |
| ૪ | ધ્રોલ | હમાપર | ૩૮ | ધ્રોલ | સણોસરા |
| ૫ | ધ્રોલ | રોજીયા | ૩૯ | ધ્રોલ | ગોલીટા |
| ૬ | ધ્રોલ | દેડકદડ | ૪૦ | ધ્રોલ | હજામચોરા |
| ૭ | ધ્રોલ | ખીજડીયા | ૪૧ | ધ્રોલ | સુધાધુના |
| ૮ | ધ્રોલ | ડાંગરા | ૪૨ | જોડીયા | હડીયાણા |
| ૯ | ધ્રોલ | નાના ગરેડીયા | ૪૩ | જોડીયા | ખીરી |
| ૧૦ | ધ્રોલ | સગાડીયા | ૪૪ | જોડીયા | કુનડ |
| ૧૧ | ધ્રોલ | ધરમપુર | ૪૫ | જોડીયા | વાવડી |
| ૧૨ | ધ્રોલ | વાંકીયા | ૪૬ | જોડીયા | બારાડી |
| ૧૩ | ધ્રોલ | સોયલ | ૪૭ | જોડીયા | બેરાજા |
| ૧૪ | ધ્રોલ | નથુવડલા | ૪૮ | જોડીયા | પીઠડ |
| ૧૫ | ધ્રોલ | મજોઠ | ૪૯ | જોડીયા | ટીંબડી |
| ૧૬ | ધ્રોલ | માવાપર | ૫૦ | જોડીયા | જશાપર |
| ૧૭ | ધ્રોલ | મોટા વાગુદડ | ૫૧ | જોડીયા | મેઘપર |
| ૧૮ | ધ્રોલ | મોડપર | ૫૨ | જોડીયા | ભીમકટા |
| ૧૯ | ધ્રોલ | ખારવા | ૫૩ | જોડીયા | જીરાગઢ |
| ૨૦ | ધ્રોલ | ખેંગારકા | ૫૪ | જોડીયા | પડાણા |
| ૨૧ | ધ્રોલ | ભેંસદડ | ૫૫ | જોડીયા | તારાણા |
| ૨૨ | ધ્રોલ | માણેકપર | ૫૬ | જોડીયા | સામપર |
| ૨૩ | ધ્રોલ | બિજલકા | ૫૭ | જોડીયા | માધાપર |
| ૨૪ | ધ્રોલ | ઇટાળા | ૫૮ | જોડીયા | બાલાછડી |
| ૨૫ | ધ્રોલ | રાજપર | ૫૯ | જોડીયા | બોડકા |
| ૨૬ | ધ્રોલ | સુમરા | ૬૦ | જોડીયા | રસનાળ |
| ૨૭ | ધ્રોલ | પીપરટોડા | ૬૧ | જોડીયા | દુધઈ |
| ૨૮ | ધ્રોલ | ખાખરા | ૬૨ | જોડીયા | જામસર |
| ૨૯ | ધ્રોલ | લૈયારા | ૬૩ | જોડીયા | અંબાલા |
| ૩૦ | ધ્રોલ | જાયવા | ૬૪ | જોડીયા | માવનું ગામ |
| ૩૧ | ધ્રોલ | નાના વાગુદડ | ૬૫ | જોડીયા | કોઠારીયા |
| ૩૨ | ધ્રોલ | મોટા ગરેડીયા | ૬૬ | જોડીયા | માણામોરા |
| ૩૩ | ધ્રોલ | કાતડા | ૬૭ | જોડીયા | બાલભા |
| ૩૪ | ધ્રોલ | હાડાટોડા | ૬૮ | જોડીયા | માનપર |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૬૯ | જોડીયા | રણજીતપર | ૧૦૮ | કાલાવડ | સરવાણીયા |
| ૭૦ | જોડીયા | મોરાણા | ૧૦૯ | કાલાવડ | નાની વાવડી |
| ૭૧ | જોડીયા | લીમ્બુડા | ૧૧૦ | કાલાવડ | સનાળા |
| ૭૨ | જોડીયા | કેશીયા | ૧૧૧ | કાલાવડ | નાના બાદનપર |
| ૭૩ | જોડીયા | ભાદરા | ૧૧૨ | કાલાવડ | પ્રભુજી પીપળીયા |
| ૭૪ | જોડીયા | આણંદા | ૧૧૩ | કાલાવડ | વજીર ખાખરીયા |
| ૭૫ | જોડીયા | જોડીયા | ૧૧૪ | કાલાવડ | મોરવાડી |
| ૭૬ | જોડીયા | બાદનપર જો | ૧૧૫ | કાલાવડ | સોરઠા |
| ૭૭ | જોડીયા | લખતર | ૧૧૬ | કાલાવડ | વિરવાવ |
| ૭૮ | જોડીયા | નેસડા | ૧૧૭ | કાલાવડ | લલોઈ |
| ૭૯ | કાલાવડ | નીકાવા | ૧૧૮ | કાલાવડ | સરાપાદર |
| ૮૦ | કાલાવડ | ધાધલ પીપળીયા | ૧૧૯ | કાલાવડ | દાવલી |
| ૮૧ | કાલાવડ | ખડધોરાજી | ૧૨૦ | કાલાવડ | બોડી |
| ૮૨ | કાલાવડ | નાના વડાળા | ૧૨૧ | કાલાવડ | સાવલી |
| ૮૩ | કાલાવડ | આણંદપર | ૧૨૨ | કાલાવડ | મછલીવડ |
| ૮૪ | કાલાવડ | પીપર | ૧૨૩ | કાલાવડ | પીઠડીયા ૧ થી ૪ |
| ૮૫ | કાલાવડ | બેડીયા | ૧૨૪ | કાલાવડ | બાવા ખાખરીયા |
| ૮૬ | કાલાવડ | ખેરડી | ૧૨૫ | કાલાવડ | રાજસ્થળી |
| ૮૭ | કાલાવડ | કાલમેઘડા | ૧૨૬ | કાલાવડ | બાગા |
| ૮૮ | કાલાવડ | માખાકરોડ | ૧૨૭ | કાલાવડ | રામપર |
| ૮૯ | કાલાવડ | ભગત ખીજડીયા | ૧૨૮ | કાલાવડ | ચેલાબેડી |
| ૯૦ | કાલાવડ | મોરીદડ | ૧૨૯ | કાલાવડ | ડુગરાણી દેવળીયા |
| ૯૧ | કાલાવડ | ભાવાભી ખીજડીયા | ૧૩૦ | કાલાવડ | રવશીયા |
| ૯૨ | કાલાવડ | ડાંગરવાડા | ૧૩૧ | કાલાવડ | હંસ્થલ |
| ૯૩ | કાલાવડ | મોટી વાવડી | ૧૩૨ | કાલાવડ | ગલપાદર |
| ૯૪ | કાલાવડ | નવાગામ | ૧૩૩ | કાલાવડ | ખેઢેરા |
| ૯૫ | કાલાવડ | ઉમરળા | ૧૩૪ | કાલાવડ | નાગપુર |
| ૯૬ | કાલાવડ | માછરડા | ૧૩૫ | કાલાવડ | દુધાળા (લક્ષ્મીપુર+કુષ્ણપુર) |
| ૯૭ | કાલાવડ | હરીપર મેવાસા | ૧૩૬ | કાલાવડ | નાની ભગોડી |
| ૯૮ | કાલાવડ | હકુમતી સરવાણીયા | ૧૩૭ | કાલાવડ | મોટી ભગોડી |
| ૯૯ | કાલાવડ | ફગાસ | ૧૩૮ | કાલાવડ | મોટી માટલી |
| ૧૦૦ | કાલાવડ | બામણગામ | ૧૩૯ | કાલાવડ | ખાનકોટડા |
| ૧૦૧ | કાલાવડ | રીનારી | ૧૪૦ | કાલાવડ | નાના પાંચદેવડા |
| ૧૦૨ | કાલાવડ | જાલણસર | ૧૪૧ | કાલાવડ | મોટા પાંચદેવડા |
| ૧૦૩ | કાલાવડ | લબુકીયા ભાડુકીયા | ૧૪૨ | કાલાવડ | ટોડા |
| ૧૦૪ | કાલાવડ | મકરાણી સણોસરા | ૧૪૩ | કાલાવડ | કાલાવડ (૫) |
| ૧૦૫ | કાલાવડ | મુળીલા | ૧૪૪ | કાલાવડ | જામવાળી |
| ૧૦૬ | કાલાવડ | નપાણીયા ખીજડીયા | ૧૪૫ | કાલાવડ | બેરાજા |
| ૧૦૭ | કાલાવડ | હરીપર | ૧૪૬ | કાલાવડ | નાની ભલસાણ |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧૪૭ | કાલાવડ | મોટા વડાળા | ૧૮૬ | જામનગર | સચાણા |
| ૧૪૮ | કાલાવડ | પાતામેઘપર | ૧૮૭ | જામનગર | જાંબુડા |
| ૧૪૯ | કાલાવડ | મકાજી મેઘપર | ૧૮૮ | જામનગર | ધુતારપર |
| ૧૫૦ | કાલાવડ | નવાણીયા ખાખરીયા | ૧૮૯ | જામનગર | ધુડસીયા |
| ૧૫૧ | કાલાવડ | જીવાપર | ૧૯૦ | જામનગર | ખારાવેઢા |
| ૧૫૨ | કાલાવડ | જુવાનપર | ૧૯૧ | જામનગર | સુમરી (ધુતારપર) |
| ૧૫૩ | કાલાવડ | વિભાણીયા | ૧૯૨ | જામનગર | નંદપુર |
| ૧૫૪ | કાલાવડ | ભાયું ખાખરીયા | ૧૯૩ | જામનગર | વેરતીયા |
| ૧૫૫ | કાલાવડ | ભીમાનુગામ | ૧૯૪ | જામનગર | જગા |
| ૧૫૬ | કાલાવડ | નાની નાગાજર | ૧૯૫ | જામનગર | જામવંથલી |
| ૧૫૭ | કાલાવડ | મોટી નાગાજર | ૧૯૬ | જામનગર | નાની લાખણી |
| ૧૫૮ | કાલાવડ | ચાપરા | ૧૯૭ | જામનગર | મોટી લાખણી |
| ૧૫૯ | કાલાવડ | ઢેખીજડીયા | ૧૯૮ | જામનગર | રણજીતપર |
| ૧૬૦ | કાલાવડ | સતીયા | ૧૯૯ | જામનગર | ખિલોસ |
| ૧૬૧ | કાલાવડ | ગુદા | ૨૦૦ | જામનગર | ચાવડા |
| ૧૬૨ | કાલાવડ | ડેરી /મેટીયા | ૨૦૧ | જામનગર | રવાણી ખિજડીયા |
| ૧૬૩ | કાલાવડ | વોડીસાંગ | ૨૦૨ | જામનગર | પસાયા |
| ૧૬૪ | કાલાવડ | બાલમ્ભડી | ૨૦૩ | જામનગર | બેરાજા |
| ૧૬૫ | કાલાવડ | જશાપર | ૨૦૪ | જામનગર | મતવા |
| ૧૬૬ | કાલાવડ | ખી સણોસરા | ૨૦૫ | જામનગર | હડમતીયા |
| ૧૬૭ | કાલાવડ | ધુન ધોરાજી | ૨૦૬ | જામનગર | નાના થાવરીયા |
| ૧૬૮ | કાલાવડ | ગોલણીયા | ૨૦૭ | જામનગર | ફાચરીયા |
| ૧૬૯ | કાલાવડ | ભંગડા | ૨૦૮ | જામનગર | શેખપાટ |
| ૧૭૦ | કાલાવડ | કોઠા ભાડુકીયા | ૨૦૯ | જામનગર | ખીમરાણા |
| ૧૭૧ | કાલાવડ | રાજડા | ૨૧૦ | જામનગર | ચેણા |
| ૧૭૨ | કાલાવડ | શિશાંગ | ૨૧૧ | જામનગર | નારણપર |
| ૧૭૩ | કાલાવડ | મોટા ભાડુકિયા | ૨૧૨ | જામનગર | ધ્રાંગડા |
| ૧૭૪ | કાલાવડ | છતર | ૨૧૩ | જામનગર | ખંભાલીડા મોટોવાસ |
| ૧૭૫ | કાલાવડ | અરલા | ૨૧૪ | જામનગર | ખંભાલીડા નાનોવાસ |
| ૧૭૬ | જામનગર | અલીયા | ૨૧૫ | જામનગર | મોટી ખાવડી |
| ૧૭૭ | જામનગર | બાડા | ૨૧૬ | જામનગર | નગરસીમ |
| ૧૭૮ | જામનગર | સુર્યપરા | ૨૧૭ | જામનગર | વીભાપર |
| ૧૭૯ | જામનગર | મોડા | ૨૧૮ | જામનગર | ધુંવાવ |
| ૧૮૦ | જામનગર | ગંગાજળા | ૨૧૯ | જામનગર | નવાનાગના |
| ૧૮૧ | જામનગર | સપડા | ૨૨૦ | જામનગર | જુનાનાગના |
| ૧૮૨ | જામનગર | ફલ્લા | ૨૨૧ | જામનગર | ખીજડીયા |
| ૧૮૩ | જામનગર | રામપર | ૨૨૨ | જામનગર | દડીયા |
| ૧૮૪ | જામનગર | મોટી બાણુગાર | ૨૨૩ | જામનગર | મોખાણા |
| ૧૮૫ | જામનગર | નાની બાણુગાર | ૨૨૪ | જામનગર | હર્ષદપુર |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૨૨૫ | જામનગર | નાઘુના | ૨૬૪ | જામનગર | વસઈ |
| ૨૨૬ | જામનગર | ખીમલીયા | ૨૬૫ | જામનગર | મુંગણી |
| ૨૨૭ | જામનગર | મોરકંડા | ૨૬૬ | જામનગર | ગાગવા |
| ૨૨૮ | જામનગર | ઠેબા | ૨૬૭ | જામનગર | આમરા |
| ૨૨૯ | જામનગર | હાપા | ૨૬૮ | જામનગર | જીવાપર |
| ૨૩૦ | જામનગર | સુવરડા | ૨૬૯ | જામનગર | બાલંભડી |
| ૨૩૧ | જામનગર | મોટા થાવરીયા | ૨૭૦ | જામનગર | વાવ બેરાજા |
| ૨૩૨ | જામનગર | વીજરખી | ૨૭૧ | જામનગર | ચાંપા બેરાજા |
| ૨૩૩ | જામનગર | મીયાત્રા | ૨૭૨ | જામનગર | દોઢીયા |
| ૨૩૪ | જામનગર | કોંઝા | ૨૭૩ | જામનગર | ગાડુકા |
| ૨૩૫ | જામનગર | ચંદ્રગા | ૨૭૪ | જામનગર | મકવાણા |
| ૨૩૬ | જામનગર | મોટી ભલસાણ | ૨૭૫ | જામનગર | ઢંઢા |
| ૨૩૭ | જામનગર | સુમરી ભલસાણ | ૨૭૬ | જામનગર | ઢિચડા |
| ૨૩૮ | જામનગર | વાણીયાગામ | ૨૭૭ | લાલપુર | વડપાંચસરા |
| ૨૩૯ | જામનગર | વાગડીયા | ૨૭૮ | લાલપુર | મોટાપાંચસરા |
| ૨૪૦ | જામનગર | વીરપર | ૨૭૯ | લાલપુર | કરાણા |
| ૨૪૧ | જામનગર | વરણા | ૨૮૦ | લાલપુર | ગઢ્ઢા |
| ૨૪૨ | જામનગર | તમાચણ | ૨૮૧ | લાલપુર | સાજડીયારી |
| ૨૪૩ | જામનગર | શાપર | ૨૮૨ | લાલપુર | ઝાંખર |
| ૨૪૪ | જામનગર | બેડ | ૨૮૩ | લાલપુર | સીંગચ |
| ૨૪૫ | જામનગર | નાની માટલી | ૨૮૪ | લાલપુર | જોગવડ |
| ૨૪૬ | જામનગર | મોડપર | ૨૮૫ | લાલપુર | ખટીયા |
| ૨૪૭ | જામનગર | મેડી | ૨૮૬ | લાલપુર | રકકા |
| ૨૪૮ | જામનગર | લાવડીયા | ૨૮૭ | લાલપુર | ખડખમ્ભાળીયા |
| ૨૪૯ | જામનગર | નાની ખાવડી | ૨૮૮ | લાલપુર | રામપર |
| ૨૫૦ | જામનગર | ચંદ્રગઢ | ૨૮૯ | લાલપુર | ગોવાણા |
| ૨૫૧ | જામનગર | ખોજાબેરાજા | ૨૯૦ | લાલપુર | નાનાખડબા(મણીપુર) |
| ૨૫૨ | જામનગર | લોઠીયા | ૨૯૧ | લાલપુર | કાનાછીકારી |
| ૨૫૩ | જામનગર | ચંગા | ૨૯૨ | લાલપુર | ડેરાછીકારી |
| ૨૫૪ | જામનગર | બાવરીયા | ૨૯૩ | લાલપુર | નવાગામ |
| ૨૫૫ | જામનગર | ખારાબેરાજા | ૨૯૪ | જામજોધપુર | ધ્રાફા |
| ૨૫૬ | જામનગર | ગોરધનપર | ૨૯૫ | જામજોધપુર | ગોરખડી |
| ૨૫૭ | જામનગર | સરમત | ૨૯૬ | જામજોધપુર | મોટીભરડ |
| ૨૫૮ | જામનગર | રાવલસર | ૨૯૭ | જામજોધપુર | ચીરોડાસંગ |
| ૨૫૯ | જામનગર | નાઘેડી | ૨૯૮ | જામજોધપુર | શેઠવડાળા |
| ૨૬૦ | જામનગર | કનસુમરા | ૨૯૯ | જામજોધપુર | વીરપુર |
| ૨૬૧ | જામનગર | દરેડ | ૩૦૦ | જામજોધપુર | ભોજાબેડી |
| ૨૬૨ | જામનગર | મસીતીયા | ૩૦૧ | જામજોધપુર | કલ્યાણપુર |
| ૨૬૩ | જામનગર | લાખાબાવળ | ૩૦૨ | જામજોધપુર | લુવારસર |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૩૦૩ | જામજોધપુર | લલોઈ | ૩૧૨ | જામજોધપુર | માંડાસણ |
| ૩૦૪ | જામજોધપુર | સખપુર દ્વાફા | ૩૧૩ | જામજોધપુર | સીદસર |
| ૩૦૫ | જામજોધપુર | સોગઠી | ૩૧૪ | જામજોધપુર | ગીંગણી |
| ૩૦૬ | જામજોધપુર | કોટડાબાવીસી | ૩૧૫ | જામજોધપુર | નરમાણા |
| ૩૦૭ | જામજોધપુર | જશાપર | ૩૧૬ | જામજોધપુર | સમાણા |
| ૩૦૮ | જામજોધપુર | ચીરોડા મુળજી | ૩૧૭ | જામજોધપુર | સડોદર |
| ૩૦૯ | જામજોધપુર | મેથાણ | ૩૧૮ | જામજોધપુર | ભરડકી |
| ૩૧૦ | જામજોધપુર | બગધરા | ૩૧૯ | જામજોધપુર | બાવડીદળ |
| ૩૧૧ | જામજોધપુર | બુટાવદર | ૩૨૦ | જામજોધપુર | દલ દેવરીયા |

| રાજકોટ જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
| ૧ | ઉપલેટા | ભીમોરા | ૩૯ | કોટડા સાંગાણી | આંબલીયાડા |
| ૨ | ઉપલેટા | લાઠ | ૪૦ | કોટડા સાંગાણી | થોરડી |
| ૩ | ઉપલેટા | મેલી મજેઠી | ૪૧ | કોટડા સાંગાણી | કાલંભડી |
| ૪ | ઉપલેટા | કુંઢેચ | ૪૨ | ગોંડલ | ચરખડી |
| ૫ | ઉપલેટા | તલગણા | ૪૩ | ગોંડલ | પડવલા |
| ૬ | ઉપલેટા | સમઢીયાળા | ૪૪ | ગોંડલ | વણથલી |
| ૭ | ઉપલેટા | કલારીયા | ૪૫ | ગોંડલ | ત્રાકૂડા |
| ૮ | ઉપલેટા | ભાંખ | ૪૬ | ગોંડલ | પાટિયાળી |
| ૯ | ઉપલેટા | વરજાંગ જાળીયા | ૪૭ | ગોંડલ | કોલીથડ |
| ૧૦ | ઉપલેટા | નીલાખા | ૪૮ | ગોંડલ | ગરનાળા |
| ૧૧ | ઉપલેટા | ગણોદ | ૪૯ | ગોંડલ | વેજાગામ |
| ૧૨ | ઉપલેટા | ઉપલેટા | ૫૦ | ગોંડલ | વાળાધરી |
| ૧૩ | ઉપલેટા | મોજીરા | ૫૧ | ગોંડલ | આંબરડી |
| ૧૪ | ઉપલેટા | ખાખી જાળીયા | ૫૨ | ગોંડલ | હડમતાળા |
| ૧૫ | ઉપલેટા | વડાળી | ૫૩ | ગોંડલ | વેકરી |
| ૧૬ | ઉપલેટા | ખીરસરા | ૫૪ | ગોંડલ | ડૈયા |
| ૧૭ | ઉપલેટા | ઈસરા | ૫૫ | ગોંડલ | મેસપર |
| ૧૮ | ઉપલેટા | ગાધા | ૫૬ | ગોંડલ | દાળીયા |
| ૧૯ | ઉપલેટા | અરણી | ૫૭ | ગોંડલ | મોટા મહિકા |
| ૨૦ | ઉપલેટા | ભાયાવાદર | ૫૮ | ગોંડલ | રીબ |
| ૨૧ | ઉપલેટા | હાડફોડી | ૫૯ | જામ કંડોરણા | ગુંદાસરી |
| ૨૨ | ઉપલેટા | પડવલા | ૬૦ | જામ કંડોરણા | જામદાદર |
| ૨૩ | ઉપલેટા | નાગવદર | ૬૧ | જામ કંડોરણા | થોરાળા |
| ૨૪ | ઉપલેટા | ચિખલીયા | ૬૨ | જામ કંડોરણા | ચાવંડી |
| ૨૫ | ઉપલેટા | જામ ટીંબડી | ૬૩ | જામ કંડોરણા | મોજ ખીજડીયા |
| ૨૬ | ઉપલેટા | કાથરોટા | ૬૪ | જામ કંડોરણા | નવા માત્રાવડ |
| ૨૭ | ઉપલેટા | પ્રાંસલા | ૬૫ | જામ કંડોરણા | જૂના માત્રાવડ |
| ૨૮ | ઉપલેટા | કોલકી | ૬૬ | જામ કંડોરણા | મેઘાવડ |
| ૨૯ | ઉપલેટા | ખારચીયા | ૬૭ | જામ કંડોરણા | રામપર |
| ૩૦ | ઉપલેટા | સેવંત્રા | ૬૮ | જામ કંડોરણા | બેલડા |
| ૩૧ | ઉપલેટા | હરીયાસણ | ૬૯ | જામ કંડોરણા | રંગપર |
| ૩૨ | ઉપલેટા | જાળ | ૭૦ | જામ કંડોરણા | જામ કંડોરણા |
| ૩૩ | ઉપલેટા | મેખાટીંબી | ૭૧ | જામ કંડોરણા | ધોળીધાર |
| ૩૪ | કોટડા સાંગાણી | નોંધણચોરા | ૭૨ | જામ કંડોરણા | ભાદરા |
| ૩૫ | કોટડા સાંગાણી | નવી મેંગણી | ૭૩ | જામ કંડોરણા | થોરડી |
| ૩૬ | કોટડા સાંગાણી | જૂની મેંગણી | ૭૪ | જામ કંડોરણા | બોરીયા |
| ૩૭ | કોટડા સાંગાણી | ચાંપાબેડા | ૭૫ | જામ કંડોરણા | સાજડીયાળી |
| ૩૮ | કોટડા સાંગાણી | અનીડા | ૭૬ | જામ કંડોરણા | નાના દૂધીવદર |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૭૭ | જામ કંડોરણા | મોટા દૂધીવદર | ૧૧૭ | રાજકોટ | લાખાપર |
| ૭૮ | જામ કંડોરણા | દડવી | ૧૧૮ | રાજકોટ | સરધાર |
| ૭૯ | જામ કંડોરણા | રાજપરા | ૧૧૯ | લોધિકા | અભેપર |
| ૮૦ | ધોરાજી | સુપેડી | ૧૨૦ | લોધિકા | બાલસર |
| ૮૧ | ધોરાજી | ભોળા | ૧૨૧ | લોધિકા | ચાંદલી |
| ૮૨ | ધોરાજી | છાડવાવદર | ૧૨૨ | લોધિકા | ચીભડા |
| ૮૩ | ધોરાજી | ભોલગામડા | ૧૨૩ | લોધિકા | છાપરા |
| ૮૪ | પડધરી | પડધરી | ૧૨૪ | લોધિકા | દેવગામ |
| ૮૫ | પડધરી | મોવૈયા | ૧૨૫ | લોધિકા | દેવળા |
| ૮૬ | પડધરી | ખોડાપીપર | ૧૨૬ | લોધિકા | ઢોલરા |
| ૮૭ | પડધરી | થોરીયાળી | ૧૨૭ | લોધિકા | ધુડીયા દોમડા |
| ૮૮ | પડધરી | મોટા રામપર | ૧૨૮ | લોધિકા | હરીપર તરવડા |
| ૮૯ | પડધરી | મેટોડા | ૧૨૯ | લોધિકા | હરીપર પાળ |
| ૯૦ | પડધરી | ખોખરી | ૧૩૦ | લોધિકા | જસવંતપુર |
| ૯૧ | પડધરી | વિસામણ | ૧૩૧ | લોધિકા | જેતાકુબા |
| ૯૨ | પડધરી | ખાખડાબેલા | ૧૩૨ | લોધિકા | કાંગશીયાળી |
| ૯૩ | પડધરી | રોજીયા | ૧૩૩ | લોધિકા | કોઠા પીપળીયા |
| ૯૪ | પડધરી | નાનાવડા | ૧૩૪ | લોધિકા | ખાંભા |
| ૯૫ | પડધરી | મોટા ખીજડીયા | ૧૩૫ | લોધિકા | ખીરસરા (રણમલજી) |
| ૯૬ | પડધરી | સાલપીપળીયા | ૧૩૬ | લોધિકા | લક્ષ્મી ઇંટાળા |
| ૯૭ | પડધરી | દંહીસરડા ઉંડ | ૧૩૭ | લોધિકા | લોધિકા |
| ૯૮ | પડધરી | દોમડાભાચુના | ૧૩૮ | લોધિકા | માખાવડ |
| ૯૯ | પડધરી | ખંભાળા | ૧૩૯ | લોધિકા | મેટોડા |
| ૧૦૦ | પડધરી | વણપરી | ૧૪૦ | લોધિકા | મોટાવડા |
| ૧૦૧ | પડધરી | ખારી (હરીપર) | ૧૪૧ | લોધિકા | નગર પીપળીયા |
| ૧૦૨ | પડધરી | દંહીસરડા આજી | ૧૪૨ | લોધિકા | નાંધુ પીપળીયા |
| ૧૦૩ | પડધરી | અડબાલકા | ૧૪૩ | લોધિકા | પાંભર ઇંટાળા |
| ૧૦૪ | પડધરી | બોડીઘોડી | ૧૪૪ | લોધિકા | પારડી |
| ૧૦૫ | પડધરી | સરપદડ | ૧૪૫ | લોધિકા | પાળ |
| ૧૦૬ | પડધરી | કેરાળા | ૧૪૬ | લોધિકા | પીપરડી |
| ૧૦૭ | પડધરી | ન્યારા | ૧૪૭ | લોધિકા | પીપળીયા પાળ |
| ૧૦૮ | પડધરી | ખજૂરડી | ૧૪૮ | લોધિકા | રતનપર |
| ૧૦૯ | પડધરી | ઉકરડા | ૧૪૯ | લોધિકા | રાતૈયા |
| ૧૧૦ | પડધરી | રંગપર | ૧૫૦ | લોધિકા | રાવકી |
| ૧૧૧ | પડધરી | નાના ઇંટાળા | ૧૫૧ | લોધિકા | સાંગણવા |
| ૧૧૨ | રાજકોટ | વાજડીગઢ | ૧૫૨ | લોધિકા | તરવડા |
| ૧૧૩ | રાજકોટ | વેજાગામ | ૧૫૩ | લોધિકા | ઉંડ ખીજડીયા |
| ૧૧૪ | રાજકોટ | કસ્તુરબા ધામ | ૧૫૪ | લોધિકા | વાગુદડ |
| ૧૧૫ | રાજકોટ | ઢેબચડા | ૧૫૫ | લોધિકા | વાજડી (વડ) |
| ૧૧૬ | રાજકોટ | સાજડીયાળી સુકી | ૧૫૬ | લોધિકા | વીરવા |

| જુનાગઢ જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
| ૧ | કેશોદ | બાલાગામ | ૩૫ | માંગરોળ | ઘોડાદર |
| ૨ | કેશોદ | બામણાસા | ૩૬ | માંગરોળ | બગસરા (ઘેડ) |
| ૩ | કેશોદ | મઢડા | ૩૭ | માંગરોળ | આજક |
| ૪ | કેશોદ | સરોડ | ૩૮ | માંગરોળ | મેખડી |
| ૫ | કેશોદ | અખોદડ | ૩૯ | માંગરોળ | આત્રોલી |
| ૬ | કેશોદ | સુત્રેજ | ૪૦ | માંગરોળ | થલ્લી |
| ૭ | કેશોદ | ખમીદાણા | ૪૧ | માંગરોળ | સાંઢા |
| ૮ | કેશોદ | પંચાળા | ૪૨ | માંગરોળ | હંટરપુર |
| ૯ | કેશોદ | ઈશરા | ૪૩ | માંગરોળ | ભાથરોટ |
| ૧૦ | કેશોદ | પાળોદર | ૪૪ | માંગરોળ | મીતી |
| ૧૧ | કેશોદ | જોનપુર | ૪૫ | માંગરોળ | ફુલરામા |
| ૧૨ | કેશોદ | મુળીયાશા | ૪૬ | માંગરોળ | ઓસા(ઘેડ) |
| ૧૩ | કેશોદ | ઈન્દ્રાણા | ૪૭ | માંગરોળ | લાંગડ |
| ૧૪ | માણાવદર | પીપલાણા | ૪૮ | વંથલી | આખા |
| ૧૫ | માણાવદર | કોઠડી | ૪૯ | વંથલી | ટીકર |
| ૧૬ | માણાવદર | મટીયાણા | ૫૦ | વંથલી | ટીનમસ |
| ૧૭ | માણાવદર | વાડાસડા | ૫૧ | વંથલી | ગાદોઈ |
| ૧૮ | માણાવદર | ચીખલોદ્રા | ૫૨ | વંથલી | કણઝા |
| ૧૯ | માણાવદર | કોયલાણા | ૫૩ | વંથલી | કણજડી |
| ૨૦ | માણાવદર | કોડવાવ | ૫૪ | વંથલી | સેંદરડા |
| ૨૧ | માણાવદર | થાપલા | ૫૫ | વંથલી | નાવડા |
| ૨૨ | માણાવદર | આંબલીયા | ૫૬ | વંથલી | મેઘપુર |
| ૨૩ | માણાવદર | માંડોદરા | ૫૭ | વંથલી | સાતલપુર |
| ૨૪ | માણાવદર | સરાડીયા | ૫૮ | વંથલી | બાલોટ |
| ૨૫ | માણાવદર | દેશીંગા | ૫૯ | વંથલી | ધંધુસર |
| ૨૬ | માણાવદર | પાદરડી | ૬૦ | વંથલી | વંથલી |
| ૨૭ | માણાવદર | ગણા | ૬૧ | વિસાવદર | હડમતીયા મોટા |
| ૨૮ | માણાવદર | ભીંડોરા | ૬૨ | વિસાવદર | નવાણીયા |
| ૨૯ | માણાવદર | વડા | ૬૩ | વિસાવદર | કોટડા મોટા |
| ૩૦ | માણાવદર | વેકરી | ૬૪ | વિસાવદર | હાજાણી પીપળીયા |
| ૩૧ | માણાવદર | મરમઠ | ૬૫ | વિસાવદર | પીરવડ |
| ૩૨ | માણાવદર | ઈન્દ્રા | ૬૬ | વિસાવદર | શોભા વડલા લશ્કર |
| ૩૩ | માંગરોળ | સામરડા | ૬૭ | વિસાવદર | કાના વડલા |
| ૩૪ | માંગરોળ | સરમા | ૬૮ | વિસાવદર | પીંડાખાઈ મોટી |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૬૯ | વિસાવદર | વિછાવડ | ૧૦૩ | વિસાવદર | મોણીયા |
| ૭૦ | વિસાવદર | કોટડા નાના | ૧૦૪ | વિસાવદર | ચાંપરડા |
| ૭૧ | વિસાવદર | રૂપાવટી | ૧૦૫ | વિસાવદર | ઘંટીયાણ |
| ૭૨ | વિસાવદર | ઇશ્વરીયા(માંડાવડ) | ૧૦૬ | વિસાવદર | વડાળા શેત્રુજ |
| ૭૩ | વિસાવદર | શીરવાણીયા | ૧૦૭ | વિસાવદર | શોભા વડલા ગીર |
| ૭૪ | વિસાવદર | છાલડા | ૧૦૮ | વિસાવદર | દાદર |
| ૭૫ | વિસાવદર | રબારીકા | ૧૦૯ | વિસાવદર | મોણપરી નાની |
| ૭૬ | વિસાવદર | હડમતીયા નાના | ૧૧૦ | વિસાવદર | સરસઈ |
| ૭૭ | વિસાવદર | પીંડાખાઈ નાની | ૧૧૧ | વિસાવદર | કાલસારી |
| ૭૮ | વિસાવદર | ભલગામ | ૧૧૨ | વિસાવદર | કાલાવડ |
| ૭૯ | વિસાવદર | ભટ્ટવાવડી | ૧૧૩ | વિસાવદર | લાલપુર |
| ૮૦ | વિસાવદર | જાંબુડા | ૧૧૪ | વિસાવદર | વેકરીયા |
| ૮૧ | વિસાવદર | મહુડી | ૧૧૫ | વિસાવદર | મોણપરી મોટી |
| ૮૨ | વિસાવદર | ઢેબર | ૧૧૬ | વિસાવદર | ઈશ્વરીયા ગીર |
| ૮૩ | વિસાવદર | વડાળા દેશાઈ | ૧૧૭ | વિસાવદર | મીયા વડલા |
| ૮૪ | વિસાવદર | સુખપુર | ૧૧૮ | વિસાવદર | બરડીયા |
| ૮૫ | વિસાવદર | વાજડી | ૧૧૯ | વિસાવદર | જાંબાળા |
| ૮૬ | વિસાવદર | માંગનાથ પીપળી | ૧૨૦ | વિસાવદર | લીલીયા |
| ૮૭ | વિસાવદર | વિરપુર | ૧૨૧ | વિસાવદર | લીમધ્રા |
| ૮૮ | વિસાવદર | ખંભાળીયા | ૧૨૨ | વિસાવદર | રતાંગ |
| ૮૯ | વિસાવદર | ખીજડીયા | ૧૨૩ | વિસાવદર | હરિપુર |
| ૯૦ | વિસાવદર | ચાંવડ જુની | ૧૨૪ | વિસાવદર | ખાંભા ગીર |
| ૯૧ | વિસાવદર | ચાંવડ નવી | ૧૨૫ | વિસાવદર | પીચાવા ગીર |
| ૯૨ | વિસાવદર | લેરીયા | ૧૨૬ | વિસાવદર | પ્રેમપરા |
| ૯૩ | વિસાવદર | કુબા રાવણી | ૧૨૭ | વિસાવદર | જાંબુડી |
| ૯૪ | વિસાવદર | રાવણી કુબા | ૧૨૮ | વિસાવદર | જાવલડી |
| ૯૫ | વિસાવદર | છેલણકા | ૧૨૯ | વિસાવદર | દુધાળા |
| ૯૬ | વિસાવદર | મહુડા | ૧૩૦ | વિસાવદર | માંણદીયા |
| ૯૭ | વિસાવદર | ઝાંઝેસર ઘોડાસણ | ૧૩૧ | વિસાવદર | રાજપરા |
| ૯૮ | વિસાવદર | જેતલવડ | ૧૩૨ | વિસાવદર | રાવણી |
| ૯૯ | વિસાવદર | કાંકચીયાળા | ૧૩૩ | વિસાવદર | મુંડીયા |
| ૧૦૦ | વિસાવદર | અંબાળા | ૧૩૪ | વિસાવદર | વિસાવદર |
| ૧૦૧ | વિસાવદર | ભુતડી | ૧૩૫ | વિસાવદર | ગોવિંદપરા |
| ૧૦૨ | વિસાવદર | માંડાવડ | | | |

| પોરબંદર જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
| ૧ | પોરબંદર | માધવપુર | ૩૭ | કુતિયાણા | ડાકુકા |
| ૨ | પોરબંદર | પાતા | ૩૮ | કુતિયાણા | બિલડી |
| ૩ | પોરબંદર | ચીંગરીયા | ૩૯ | કુતિયાણા | રોઘડા |
| ૪ | પોરબંદર | મંડેર | ૪૦ | કુતિયાણા | ચૌટા |
| ૫ | પોરબંદર | કડછ | ૪૧ | કુતિયાણા | છત્રાવા |
| ૬ | પોરબંદર | બળેજ | ૪૨ | કુતિયાણા | ભોગસર |
| ૭ | પોરબંદર | ઉંટડા | ૪૩ | કુતિયાણા | જમરા |
| ૮ | પોરબંદર | ગોરસર | ૪૪ | કુતિયાણા | સેગરસ |
| ૯ | પોરબંદર | મોચા | ૪૫ | કુતિયાણા | મહિયારી |
| ૧૦ | પોરબંદર | રાતીયા | ૪૬ | કુતિયાણા | કાંસાબડ |
| ૧૧ | પોરબંદર | ચીકાસા | ૪૭ | કુતિયાણા | અમીપુર/મોટાઘેડ |
| ૧૨ | પોરબંદર | ગરેજ | ૪૮ | કુતિયાણા | કડેગી |
| ૧૩ | પોરબંદર | નવીબંદર | ૪૯ | કુતિયાણા | રેવદ્રા |
| ૧૪ | પોરબંદર | ભડ | ૫૦ | કુતિયાણા | જુણેજ |
| ૧૫ | પોરબંદર | મિત્રાળા | ૫૧ | કુતિયાણા | ફેરર |
| ૧૬ | પોરબંદર | દેળોદર | ૫૨ | કુતિયાણા | તરખાઈ |
| ૧૭ | પોરબંદર | એરડા | ૫૩ | કુતિયાણા | ગઢવાણા |
| ૧૮ | પોરબંદર | ગોસા | ૫૪ | કુતિયાણા | ઘરસન |
| ૧૯ | પોરબંદર | રાજપર | ૫૫ | કુતિયાણા | મોડદર |
| ૨૦ | પોરબંદર | ટુ.ગોસા | ૫૬ | કુતિયાણા | કવલકા |
| ૨૧ | પોરબંદર | કે.લુંશાળા | ૫૭ | કુતિયાણા | કુતિયાણા |
| ૨૨ | પોરબંદર | રતનપર | ૫૮ | કુતિયાણા | ઉજ્જડ થેપડા |
| ૨૩ | પોરબંદર | ઓડદર | ૫૯ | કુતિયાણા | થેપડા |
| ૨૪ | રાણાવાવ | ભોડદર | ૬૦ | કુતિયાણા | અમર |
| ૨૫ | રાણાવાવ | મહીરા | ૬૧ | કુતિયાણા | બાલોચ |
| ૨૬ | રાણાવાવ | નેરાણા | ૬૨ | કુતિયાણા | ઈશ્વરીયા |
| ૨૭ | રાણાવાવ | જાંબુ | ૬૩ | કુતિયાણા | ચોલીયાણા |
| ૨૮ | રાણાવાવ | પાદરડી | ૬૪ | કુતિયાણા | હામદપરા |
| ૨૯ | રાણાવાવ | કેરાળા | ૬૫ | કુતિયાણા | બાવળાવદર |
| ૩૦ | રાણાવાવ | આશીયાપાટ | ૬૬ | કુતિયાણા | ધુવાળા |
| ૩૧ | કુતિયાણા | માંડવા | ૬૭ | કુતિયાણા | હેલાબેલી |
| ૩૨ | કુતિયાણા | કટવાણા | ૬૮ | કુતિયાણા | વડાળા |
| ૩૩ | કુતિયાણા | કંટોલ | ૬૯ | કુતિયાણા | ખાગેશ્રી |
| ૩૪ | કુતિયાણા | પસવારી | ૭૦ | કુતિયાણા | દેવડા |
| ૩૫ | કુતિયાણા | માલ | ૭૧ | કુતિયાણા | રામનગર |
| ૩૬ | કુતિયાણા | કોટડા | | | |